Test Booklet No.
परीक्षा पुस्तिका संख्या

This Booklet contains **20** printed pages.
इस पुस्तिका में **20** मुद्रित पृष्ठ हैं ।

# MAK-23-I

**PAPER I / प्रश्न-पत्र I**
**PART IV & V / भाग IV & V**
**Gujarati Language Supplement**
**गुजराती भाषा परिशिष्ट**

Test Booklet Code
परीक्षा पुस्तिका कोड

**C**

**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए गए निर्देशों को ध्यान से पढ़ें ।**

**For instructions in Gujarati see Page 2 of this booklet. / गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें ।**

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts I, II, III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Blue/Black Ball Point Pen only** for writing particulars on this page/marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **C**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V consisting of **60** Objective Type Questions, and each carries 1 mark :
   Part IV : Language I – (Gujarati) *(Q. Nos. 91 – 120)*
   Part V : Language II – (Gujarati) *(Q. Nos. 121 – 150)*
7. Part IV contains 30 questions for Language I and Part V contains 30 questions for Language II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language(s) you have opted for as Language I and/or Language II is a language other than Gujarati, please ask for a Supplement (Language) Test Booklet of C Code that contains questions on that language. The languages being answered must tally with the languages opted for in your Application Form. No change in languages is allowed.**
8. **Candidates are required to attempt questions in Language II (Part V) in a language other than the one chosen as Language I (Part IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

## *परीक्षार्थियों के लिए निर्देश*

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल नीले/काले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **कोड C** है । यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का कोड, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य प्रश्न पुस्तिका पर छपे कोड से मिलता है । अगर यह भिन्न हो तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, तथा प्रत्येक 1 अंक का है :
   भाग IV : भाषा I – (गुजराती) *(प्रश्न सं. 91 – 120)*
   भाग V : भाषा II – (गुजराती) *(प्रश्न सं. 121 – 150)*
7. भाग IV में भाषा I के लिए 30 प्रश्न और भाग V में भाषा II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से सम्बन्धित प्रश्न दिए गए हैं । **यदि भाषा I और/या भाषा II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है/हैं, तो कृपया C कोड वाली उस भाषा वाली परिशिष्ट (भाषा) परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए । भाषाओं का परिवर्तन अनुमन्य नहीं है ।**
8. **परीक्षार्थी भाषा II (भाग V) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

Name of the Candidate (in Capital Letters) : ____________________
परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) :
Roll Number (अनुक्रमांक) : in figures (अंकों में) ____________________
: in words (शब्दों में) ____________________

Centre of Examination (in Capital Letters) : ____________________
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) :
Candidate's Signature : ____________________ Invigilator's Signature : ____________________
परीक्षार्थी के हस्ताक्षर : निरीक्षक के हस्ताक्षर :
Facsimile signature stamp of Centre Superintendent ____________________

આ પુસ્તિકમાં **20** છાપેલ પાનાં છે.

# MAK-23-I
## પેપર I
## ભાગ IV & V
## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

પરીક્ષા પુસ્તિકા કોડ

**C**

**આ પરીક્ષા પુસ્તિકાને સૂચના મળ્યા પહેલા ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળ ના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થી માટે દિશા નિર્દેશ:***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકા નું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફકત **એકજ**.
2. પરીક્ષાર્થી ભાગ I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રજી અને હિન્દી ભાષા ના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકા ના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટો ને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લૂ/કાળા બૉલ પાઇંટ પેન** જ ઉપયોગ કરી શકાય છે.
5. આ ભાષા પુસ્તિકા નો કોડ (code) છે **C**. આ વાતની ખાતરી કરી લેવીકે ભાષા પરિશિષ્ટ પુસ્તિકા નો કોડ, ઉત્તર પત્ર ના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા કોડ સમાન છે કે નહિ. જો જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષક ને તરતજ સૂચિત કરે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા I –– (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા II –– (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાય ની છે તો આપને C કોડ વાળી એ ભાષા વાળી પરિશિષ્ટ (ભાષા) પરીક્ષા પુસ્તિકા માંગી લેવી. જે ભાષાના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષા જ હોવી જોઇએ. ભાષાઓમાં કોઈ ફેરફાર કરવાની મંજૂરી નથી.**
8. **પરીક્ષાર્થી ભાષા II (ભાગ V) માટે ભાષા સૂચી માંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકા માં આપેલ ખાલી જગ્યામાં જ કરવો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ______________________________

અનુક્રમાંક : અંકોમાં ______________________________

: શબ્દોમાં ______________________________

પરીક્ષા કેન્દ્ર (મોટા અક્ષરોમાં) : ______________________________

પરીક્ષાર્થીની સહી : ____________________ નિરીક્ષકની સહી ____________________

Facsimile signature stamp of
Centre Superintendent ______________________________

પરીક્ષાર્થી નિમ્ન ભાગના સવાલોના જવાબ ત્યારે જ આપે જયારે તેમને ભાષા – I નો વિકલ્પ ગુજરાતી ચયનીત કર્યો હોય.

# ભાગ IV

## ભાષા I

## ગુજરાતી

*નિર્દેશ : નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો યોગ્ય વિકલ્પ શોધીને લખો. (91 – 99)*

સ્વ. ઉમાશંકરભાઈની સરસ મજાની પંક્તિઓનું સ્મરણ થાય છે. 'ભૂતના સંસ્મૃતિતારે, વર્તમાન ગૂંથી રહું. વર્તમાન મધુર સ્વપ્ને ભાવિની ઝંખના કરું.' જીવનમાં સંતોષનું મહત્વ છે, પણ એવો સંતોષ પ્રમાદ કે પલાયનવાદનું સમર્થન નથી કરતો. માણસ નિરંતર ગતિશીલ રહે, પુરુષાર્થવાદી રહે અને જ્ઞાન-વિજ્ઞાન તેમજ સુખ-સમૃદ્ધિ માટે ધર્મપૂર્વક પ્રયત્નશીલ રહે એ જીવનનું લક્ષ્ય. એટલે જીવનમાં વર્તમાનનું મતલબ કે જે છે. તેનું આગવું મહત્વ છે. એ વર્તમાન જ ભાવિ પ્રગતિની પૃષ્ઠભૂમિ બનવાનો છે અને ભૂતકાળના અનુભવો સાવધાની અને સંકલ્પબદ્ધતાનું મહત્વ સમજાવવાના છે, એમ વિચારીને માણસે એ ત્રણેયના સમન્વયવાદી બનવું જોઈએ, જે છે તેનું તટસ્થાપૂર્વક મૂલ્યાંકન, જે હોવું જોઈએ એનું વિવેકલક્ષી સમાયોજન અને તેને પૂરું કરવામાં નિર્મળ સાધનોનો સંચય એ જ જીવનમાં સાચી પ્રગતિની સ્થિતિને જન્મ આપી શકે ! એટલે માણસે વર્તમાનને લક્ષમાં રાખીને ભાવિનાં સોણલા જોવાં જોઈએ. આંખ વધારે પડતી મહત્વાકાંક્ષાભર્યા તરંગી ખ્વાબોની લાલચમાં અટવાય તો નક્કર સિદ્ધિઓ પ્રાપ્ત ન થાય. 'શું છે' એ વાસ્તવિકતા છે, 'શું હોવું જોઈએ' એ આદર્શ છે. ઈમર્સને કહેલી પેલી વાત માણસે યાદ રાખવા જેવી છે. 'કુદરત એક કરકસર કરનાર માતા જેવી છે. તે કદીય યોગ્યતા વગર કોઈને કાંઈ જ આપતી નથી. જ્યારે કુદરતને પોતાનું કામ કરાવવું હોય છે ત્યારે એ આકરી કસોટી કરીને યોગ્ય માણસને ચૂંટે છે અને તેના દ્વારા પોતાનું કાર્ય કરે છે.' એટલે જે હોવું જોઈએ તેને માટે સમય, સંજોગો, પરિસ્થિતિઓ માણસને તૈયાર થવાની તક આપે છે. માણસ એ તકનું મહત્વ ન પીછાણે તો સરવાળે એને ભાગે દુઃખ જ આવે છે. જીવનમાં જે છે તેની ઉપેક્ષા ન કરવી અને જે અપેક્ષિત છે એની પ્રાપ્તિ માટે કર્તવ્યનિષ્ઠ રહેવું એ જ, ઉત્તમ માર્ગ છે. જે છે તેની સમક્ષ હાર કબૂલવી, નાસીપાસ થવું ગભરાવું તેનાથી ભાગવું એ જીવન જીવવાની સાચી રીત નથી ! વર્તમાનના પડકારો ઝીલવા અને ભાવિમાં જે પ્રાપ્ત કરવું હોય કે કરવા જેવું જણાતું હોય તે કરવા માટે સાધનારત રહેવું એ જ સલાહભર્યું છે. જિંદગીમાં આમ વર્તમાન અને ભાવિ બંનેનો વિવેકપૂર્ણ સમન્વય સધાય એવી જીવનદૃષ્ટિ વિકસાવવી એ જીવનનું પરમ કર્તવ્ય છે.

**91.** જીવનમાં શેનું મહત્ત્વ છે ?

(1) નામના

(2) સંતોષ

(3) સ્વાસ્થ્ય

(4) ધન

**92.** 'સંતોષ' શબ્દનો સાચો સંધિવિગ્રહ શોધો.

(1) સત્ + તોષ

(2) સમ + તોષ

(3) સં + મતોષ

(4) સન + તોષ

**93.** 'વર્તમાન જ ભાવિ પ્રગતિની પૃષ્ઠભૂમિ બનવાનો છે' વિધાનમાં નિપાતપદ શોધો.

(1) પ્રગતિ

(2) બનવાનો

(3) છે

(4) જ

**94.** જીવનમાં શેનાથી પ્રગતિ સાધી શકાય ?

(1) લોભ

(2) ધન

(3) પ્રતિષ્ઠા

(4) વિવેક

**95.** એમર્સનના વિધાનમાં શેનું મૂલ્ય સમજાવાયું છે ?

(1) તક

(2) પરિવર્તન

(3) સ્વાસ્થ્ય

(4) દાન

**96.** નક્કર સિદ્ધિ ક્યારે પ્રાપ્ત ન થાય ?

(1) ક્રોધ કરવાથી

(2) દ્વિધાથી

(3) કપટથી

(4) લોભ લાગે

**97.** ધ્યેયનો ઉત્તમ માર્ગ ક્યો ?

(1) વાચન

(2) શિક્ષણ

(3) કર્તવ્ય

(4) બોધ

**98.** જીવન જીવવાની સાચી રીત કઈ ?

(1) છળથી આગળ આવવું

(2) આળસ કરવી

(3) પ્રગતિ કરવી

(4) પોતાના કામમાં ખોવાઈ જવું

**99.** 'કુદરત કરકસર કરનાર માતા જેવી છે' વિધાનમાં કયો અલંકાર છે ?

(1) ઉપમા

(2) ઉત્પ્રેક્ષા

(3) શ્લેષ

(4) રૂપક

*નિર્દેશ : નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.* (100 – 105)

નાની નાની, નિકટ ગલીને લોક કે'તા બજારું;
પાસે પાસે અબુધ સરખાં હોય ઊભાં મકાનું,
ચારે બાજુ, સમથળ ખડી ઓરડી ને દીવાલું;
નીચે માથે, ગગન કરવું એવડું દ્વાર નાનું,
ગાયો-ભેંસો, ભરચક ભરી સાંકડી એ ફળીમાં;
કાલાં ઘેલાં મનુજ વસતાં, ભોળિયાં ભાવભીનાં,
પાણી ખારું, વિકટ વનમાં કંટકોની પથારી;
વા-વંટોળે, પ્રબળ પ્રસરે ધૂળના ગોટા ભારી,
તો યે માતા, હૃદય રમતી નિત્ય તું માતૃભૂમિ;
જ્યાં મેં મારી મધુર જનની અંકમાં આંખ ખોલી,
ને જ્યાં લીધો, પ્રથમ પવને શ્વાસ સૌભાગ્યવંતો;
ને જ્યાં પામી, પરમ પ્રભુની ભેટ શી જિંદગાની,
ના વાણી હે, વરદ વરદા આપના ગુણ ગાઉં;
માતા તારી, ચરણરજ લઈ આજ હું ધન્ય થાઉં.

**100.** લોકો કોને બજારો કહે છે ?

(1) ફળિયાં

(2) નાની શેરીઓ

(3) ખાંચાઓને

(4) ચોક

**101.** 'સમથળ' શબ્દનો અર્થ આપો.

(1) સરખા માપનું

(2) સરખી લંબાઈનું

(3) સરખી સપાટીનું

(4) સરખી ઊંચાઈનું

**102.** મકાનના બારણામાં કેવી રીતે પ્રવેશવું પડે છે ?

(1) પાછા પગલે

(2) વાંકા વાંકા

(3) ટટ્ટાર રહીને

(4) નીચે નમીને

**103.** ગાયો અને ભેંસો ક્યાં છે ?

(1) ચોકમાં

(2) ફળિયામાં

(3) ઘરમાં

(4) બજારમાં

**104.** ગ્રામજનો કેવા છે ?

(1) ભાવપૂર્ણ અને ભોળા

(2) સ્નેહશૂન્ય

(3) અમૈત્રીપૂર્ણ

(4) કુટિલ અને જટિલ

**105.** કવિને જિંદગી કેવી લાગે છે ?

(1) નરક જેવી

(2) સ્વર્ગ જેવી

(3) રમણીય

(4) પ્રભુના વરદાન

*નિર્દેશ : નીચેના પ્રશ્નોના જવાબ ઉપલબ્ધ વિકલ્પોમાંથી પસંદ કરીને લખો. (106 – 120)*

**106.** ત્રીજા ધોરણની શિક્ષિકા વર્ગમાં નવા શબ્દો શીખવવા માંગે છે તો એના માટે વધુ અસરકારક પદ્ધતિ કઈ છે ?

(1) શિક્ષિકાએ શબ્દની ચોક્કસ વ્યાખ્યા આપવી.

(2) શિક્ષિકાએ આ શબ્દો જે પરિસ્થિતિમાં વાપરી ક્ષમતા હોય તે સ્થિતિ અનુસારનું અર્થઘટન સમજાવવું

(3) આપા શબ્દો બ્લેકબોર્ડ પર લખીને વિદ્યાર્થીઓને શબ્દો પાકા કરવાનું કહેવું.

(4) શિક્ષિકાએ શબ્દોના વિરોધાર્થી આપીને એના અર્થ એમની ભાષામાં સમજાવવા.

**107.** ભાષા શિક્ષણ એ ________ છે.

(1) પ્રક્રિયા

(2) નિષ્પાદન

(3) કૌશલ્ય

(4) સંપાદન

**108.** ઉદાહરણ સાથે સંલગ્ન હોય એવી પદ્ધતિ શોધીકાઢો ઉદાહરણ.

*'હું સાચી હોય એની પ્રતીતિ આપે એવી ભાષા પર ધ્યાન કેન્દ્રિત કરું છું.'*

(1) પુનરાવર્તન (રિવાઈઝિંગ)

(2) સ્વનિરીક્ષણ (સેલ્ફ મોનિટરિંગ)

(3) પારસ્પરિક ભાષા (ટ્રાન્સલેંગ્વેજિંગ)

(4) કંઠસ્થ (મેમરાઈઝિંગ)

**109.** બીજા ધોરણના વિદ્યાર્થીઓ એક ગીત ગાય છે 'માથુ અને ખભા છે, ઘૂંટણ ને અંગૂઠા છે.' ગાતી વખતે તેઓ ઉકત અંગોને સ્પર્શે છે. શિક્ષિકા આ કઈ પદ્ધતિથી ભણાવી રહી છે ?

(1) સંપ્રેષણાત્મક ભાષાશિક્ષણ

(2) સંપૂર્ણ ભૌતિક પ્રતિભાવ

(3) સારસંગ્રાહકપરક પદ્ધતિ

(4) ધ્વનિભાષિક

**110.** વાચનના પ્રકાર અને પ્રક્રિયાને યોગ્ય રીતે જોડો :

| *વાચનના પ્રકારો* | *વાચકો દ્વારા થતી પ્રક્રિયા* |
|---|---|
| A. પૂર્વાનુમાન | i. લેખકની રચનારીતિના આધારે લેખકની ભાવના નક્કી કરે છે. |
| B. સંદર્ભ અભિગમ | ii. અપરિચિત અર્થોને પામવા માટે પાઠાંશોનો સહારો લે છે. |
| C. પૂર્વાપરના આધારે અર્થઘટન | iii. શીર્ષકો અથવા પ્રસ્તાવનાના આધારે માહિતીની સંરચનાને સમજે છે. |
| D. સઘન વાચન | iv. પાઠ કે વાચનાના અંશોમાં ભાષા કઈ રીતે પ્રયોજાઈ છે એ જુએ છે. |
| E. પાઠસંયોજનની પરખ | v. શીર્ષકો અને ચિત્રોનો ઉપયોગ કરીને પાઠનો વિષય સમજવાનો પ્રયત્ન કરે છે. |

(1) A–i, B–iv, C–v, D–ii, E–iii

(2) A–ii, B–i, C–iii, D–iv, E–v

(3) A–iv, B–iii, C–ii, D–i, E–v

(4) A–v, B–i, C–ii, D–iv, E–iii

**111.** જૂથકાર્યમાં જોડાયેલા વિદ્યાર્થીઓને આગળના પાઠએકમમાંથી ભાષાભંડોળને લગતા પાચ પ્રશ્નોના જવાબ આપવાના છે. આ જૂથ બીજા જૂથ સાથે પ્રશ્નોનું આદાનપ્રદાન કરે છે અને પ્રશ્નોના ઉતરો આપે છે. આ પ્રક્રિયાને શું કહેવાય ?

(1) પ્રતિપોષણ

(2) વાચન મૂલ્યાંકન

(3) કાળજીપૂર્વકનું મૂલ્યાંકન

(4) સ્વ મૂલ્યાંકન

**112.** શિક્ષિકા મને એક કાર્ડ પર શબ્દ અથવા વાક્ય લખીને આપે છે અને મારે વર્ગ સમક્ષ એ મુજબ અભિનય કરવાનો છે જેથી વર્ગના છાત્રો એ શબ્દ/વાક્યનું અનુમાન કરી શકે.

વિદ્યાર્થીઓની પ્રાથમિકતાસૂચિના આધારે એમની કોમેન્ટ શોધો.

(1) હું વધારે સાંભળું છું ત્યારે ભાષાને સારી રીતે યાદ કરી શકું છું.

(2) હું જ્યારે કાર્ડમાંના શબ્દ/વાક્યને સ્મૃતિગમ્ય કરી દઉં ત્યારે ભાષાને સારી રીતે યાદ કરી શકે છું.

(3) હું જ્યારે મારી સમગ્ર આંતરઊર્જાથી શીખું છું ત્યારે હું ભાષાને સારી રીતે યાદ કરી શકું છું.

(4) હું જ્યારે જોઉં છું ત્યારે ભાષાને સારી રીતે યાદ રાખી શકું છું.

**113.** પ્રતિજ્ઞા (A) : શાળામાં પ્રવેશ મેળવતા તમામ બાળકો પોતાના વયજૂથ અનુસાર ભાષાનો સક્ષમ ઉપયોગ કરતા હોય છે.

પ્રમેય (R) : ભાષાકીય અને સાંસ્કૃતિક વૈવિધ્યને કારણે બાળકો પોતાની ક્ષમતા વ્યક્ત કરવા માટે અસમર્થ હોય છે.

નીચેનામાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો.

(1) (A) અને (R) બંને સાચા છે પણ (R) તે (A) નું યોગ્ય સ્પષ્ટીકરણ ***નથી.***

(2) (A) સાચું પણ (R) ખોટું છે.

(3) (A) ખોટું છે પણ (R) સાચું છે.

(4) (A) અને (R) બંને સાચા છે અને (R) એ (A) નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

**114.** પાંચના ધોરણનો મનજિત પોતાના શિક્ષક, મિત્રો અને બે વર્ષના બાળક સાથે જુદીજુદી રીતે બોલે છે. એનો અર્થ એ કે તે વિવિધ સામાજિક પરિસ્થિતિઓમાં ભાષા કેવી રીતે વાપરવી એ જાણે છે. ભાષાનું આ પરિમાણ જે છે એને શું કહેવાય ?

(1) અર્થનિર્ધારણ

(2) વ્યવહારબોધ

(3) વાક્ક્રિયા

(4) નૈસર્ગિકતા

**115.** એક માતાએ નોંધ્યું કે તેનું બાળક કેટલીક એવી વાતો કહે છે જે એના ભાઈબહેન કે પુખ્ત વયના લોકો કહેતા નથી. આ માતા માને છે કે બાળક પોતાના પરિવારના લોકો પાસેથી અને આસપાસના વાતાવરણમાંથી ભાષા શીખે છે. તેની આ માન્યતાને શું કહેવાય ?

(1) વર્તનશાસ્ત્ર

(2) સંરચનાવાદ

(3) બહુભાષાવાદ

(4) દેશીવાદ

**116.** બાળક ઔપચારિક ભાષાસૂચનો શીખે એ પહેલા જે કૌશલ્યજૂથ બાળકને એની આગામી શિક્ષણ કૌશલ શીખવાની પ્રક્રિયામાં બુનિયાદી ભૂમિકા ભજવે એને શું કહેવાય ?

(1) ત્વરિત પાઠ્યક્રમ

(2) ત્વરિત સાધનસામગ્રી

(3) ત્વરિત અક્ષરજ્ઞાન

(4) ત્વરિત ઉકેલ

**117.** એક દાદીમા ઘરમાં નાના બાળકોને પુસ્તકોમાંથી વાર્તાઓ વાંચી સંભળાવે છે અને આ પ્રકારે બાળકોને પુસ્તકોનો તથા નવા વિચારોનો પરિચય કરાવે છે, બાળકો આ પ્રક્રિયામાં સક્રિયપણે સામેલ થાય છે. આ પ્રયુક્તિને શું કહેવાય ?

(1) સહભાગી વાચન

(2) સંવાદાત્મક વાચન

(3) સસ્વર વાચન

(4) આદર્શ વાચન

**118.** જેમાં બાળકને વાંચતા શીખવતાં પહેલાં વર્ણ અને ધ્વનિ જેવા પાયાના તત્વો શીખવવામાં આવે અને ધ્વનિસંયોજનથી શબ્દનિર્માણ થાય એવું શીખવવામાં આવે તે અભિગમ અથવા પદ્ધતિને શું કહેવાય ?

(1) બોટમ્સ અપ અભિગમ

(2) સમગ્ર ભાષા અભિગમ

(3) સંરચનાત્મક અભિગમ

(4) ઉર્ધ્વમૂલ અભિગમ

**119.** પ્રતિજ્ઞા (A) : ધ્વનિઘન જોડણીના ઉપયોગથી સાચી જોડણી કરવાની ક્ષમતા ઓછી થઈ જાય છે.

પ્રમેય (R) : બાળકો જયારે લખે છે ત્યારે તેઓ પારંપારિક જોડણીને બદલે જુદી જ જોડણી કરતા હોય છે, આને લીધે તેમની સાચી જોડણી કરવાની ક્ષમતા ઘટતી નથી.

નીચેનામાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો.

(1) (A) અને (R) બંને સાચા છે પણ (R) એ (A) નું સાચું સ્પષ્ટીકરણ ***નથી.***

(2) (A) સાચું છે પણ (R) ખોટું છે.

(3) (A) ખોટું છે પણ (R) સાચું છે.

(4) (A) અને (R) બંને સાચા છે અને (R) તે (A) નું સાચું સ્પષ્ટીકરણ છે.

**120.** નવી ભાષા શીખતી વખતે વિદ્યાર્થીઓ તે ભાષાના ઉચ્ચારોના અલગ નિયમોને લીધે આત્મવિશ્વાસથી બોલી શકતા નથી. આનો એક ઉકેલ એવો છે કે

(1) રમત જેવી પ્રવૃત્તિઓ કરાવવી જેમાં મૌખિક સંવાદ જરૂરી બને

(2) કાઉન્સિલર પાસે વિશિષ્ટ સ્પીચ થેરાપી અપાવવી અને પ્રેકટિસ કરાવવી

(3) જયારે ભૂલ થાય ત્યારે સુધારવી

(4) બાળકો વર્ગમાં સસ્વર વાચન કરે

પરીક્ષાર્થી નિમ્ન ભાગના સવાલોના જવાબ ત્યારે જ આપે જયારે તેમને **ભાષા - II નો** વિકલ્પ ગુજરાતી ચયનીત કર્યો હોય.

# ભાગ V

# ભાષા II

# ગુજરાતી

*નિર્દેશ : નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચો, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો સાચો વિકલ્પ શોધીને લખો. (121 – 128)*

ધરતીકંપે ભુજ શહેરની મહોલ્લા અને ફળિયા સંસ્કૃતિને છિન્ન ભિન્ન કરી નાખી છે. ભુજ શહેરનો નાગરિક આજે બે-ત્રણ વર્ષ પછી પણ પોતાના ફળિયા, મહોલ્લા કે શેરી માટે ઝંખે છે. ત્યારે અગાઉ કચ્છ રાજ્યના સમયમાં ભુજ શહેરના ફળિયા, મહોલ્લા કે શેરીની રચના જ એવા પ્રકારની કરવામાં આવી હતી કે દરેક કોમ અને જ્ઞાતિઓના સમૂહને એક સાથે એક ફળિયા કે શેરીમાં વસાવવામાં આવ્યા હતા. અને એ શેરી કે મહોલ્લો પણ એ જ્ઞાતિના નામથી જ ઓળખવામાં આવતો હતો. નાગર જ્ઞાતિ આજે તો ધરતીકંપ પછી શહેરના દૂર દૂરના વિસ્તારોમાં, શહેરના સીમાડાઓથી પણ દૂર સુધી વિસ્તરી ચૂકી છે. પરંતુ અગાઉ ઉપલીપાળ, હાટકેશ્વરજીનું મંદિર અને નાગર ચકલાનો વિસ્તાર એ જ નાગર જ્ઞાતિની વસતીના મુખ્ય વિસ્તાર હતા. નાગરોની વસ્તી ધરાવતા મોટાભાગના સૌરાષ્ટ્ર-કચ્છના નગરોમાં 'નાગરવાડો' એ વિશિષ્ટ લક્ષણ ધરાવતા ફળિયા તરીકે ઓળખાય છે. નાગરોના વિસ્તારની ઓળખ માટે એક ઉક્તિ જાણીતી છે કે, 'નાજુકડી નારને નાકે છે મોતી, પીયુ પરદેશને વાટડી જોતી, લખતી'તી કાગળને ગણતી દાડા, એ એંધાણીને નાગરવાડો.' ભુજમાં નાગરોની વિશેષ વસતી ધરાવતો નાગર ચકલો એ માત્ર નાગર જ્ઞાતિ માટે જ નહીં પણ સમગ્ર ભુજ શહેર માટે વિશેષ મહત્વનું સ્થાન ધરાવે છે. આમ જોવા જાવ તો નાગર ચકલાની ભૌગોલિક સ્થિતિ કરતાં પણ તેની સીમાઓનો વ્યાપ વિશાળ હતો, કોટ વિસ્તારમાં ક્યાંય પણ રહેતા નાગર ગૃહસ્થને નાગર ચકલાના સરનામે લખેલ ટપાલ મળી જતી. નાગર ચકલોએ ભુજના કે ભુજ બહારથી આવતા નાગર ગૃહસ્થનું અનોખું મિલન સ્થાન બની રહેતું, નાગર ચકલામાં ઊભા રહો કે શહેરની કે બહારની આવતી વ્યક્તિ અચૂક મળી જાય. આબાલવૃદ્ધ સૌ નાગરજનને નાગર ચકલાનું એક વ્યસન હતું. દિવસમાં એકવાર તો નાગર ચકલામાં આંટો માર્યા વગર ચેન ના પડે.

**121.** ધરતીકંપે કઈ સંસ્કૃતિનો નાશ કર્યો ?

(1) ગ્રામ્ય

(2) દેશી

(3) નગર

(4) મહોલ્લા

**122.** પહેલાં જે તે વિસ્તાર શેનાથી ઓળખાતા ?

(1) ધર્મ

(2) ભાષા

(3) બોલી

(4) જ્ઞાતિ

**123.** સૌરાષ્ટ્રમાં નગરોના વિસ્તાર શેનાથી ઓળખાતા ?

(1) પોળ

(2) મહોલ્લા

(3) ફળિયા

(4) વાડા

**124.** નાજુકડી નારનો પતિ ક્યાં ગયો છે ?

(1) વાડીએ

(2) બહારગામ

(3) ફરવા

(4) પરદેશ

**125.** 'ભૂગોળને લગતું' શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

(1) ભૌગોલિક

(2) ભૌતિક

(3) આધિભૌતિક

(4) ઔદ્યોગિક

**126.** બહારથી ભૂજ આવતા નાગરો ક્યા ઉતરતા ?

(1) પોળમાં

(2) મહોલ્લામાં

(3) હોટલમાં

(4) નાગર ચકલે

**127.** નાગર ચકલાનો વ્યાપ કેવડો હતો ?

(1) સિમીત

(2) મોટો

(3) મધ્યમ

(4) નાનો

**128.** કોને નાગર ચકલે આંટો મારવાનું વ્યસન હતું ?

(1) બાળકોને

(2) યુવાનોને

(3) નાના-મોટા સૌને

(4) સ્ત્રીઓને

*નિર્દેશ : નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચો, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો સાચો વિકલ્પ શોધીને લખો.* (129 – 135)

બસ આવી ત્યાં સુધીમાં તો એ છોકરીએ કેટલી બધી સૂચનાઓ આપી દીધી હતી : 'દાદાજી, સવાર-સાંજ અને જમ્યા પછી રોજ ગોળીઓ લેજો.' રાત્રે સૂતા પહેલાં આંખમાં દવાના ટીપા નાખવાનું ભૂલતાં નહીં. ડૉક્ટરે કહ્યું છે રોજ સવારે ફરવા જવાનું યાદ છે ને ? ગરમ પાણીથી નહાજો, હમણાં ઠંડા પાણીથી નહાવાનું નહીં, સમજ્યાને ? અને હા દાદાજી, પહેલી તારીખે ડૉક્ટર પાસે રીપોર્ટ માટે જવાનું છે, ભૂલતા નહીં. એટલું બોલીને એ અટકી ગઈ હતી. થોડી ક્ષણો મૌનમાં ઓગળી ગઈ હતી અને પછી તે બોલી હતી : 'દાદાજી, બા પર ગુસ્સો કરતા નહીં.' એ છોકરીનો અવાજ ભીનો થઈ ગયો હતો. એ બોલી હતી : 'તમને મારા સમ છે, બા પર ગુસ્સો કરો તો.' ત્યાં તો બસ આવી ગઈ હતી. એણે બસમાં ચડતાં ચડતાં પાછા વળી કહ્યું હતું : 'જાઉં છું હોં દાદાજી. મારી ચિંતા કરશો નહીં.' એના ગળે ડૂમો બાઝી ગયો હતો. આંખનાં આંસુથી દેવર્ષિનાં ચશ્માનાં કાચ ભીંજાઈ ગયા હતા. એ એટલું જ બોલી શક્યા હતા : 'આવજે કિનુ,' છોકરીના હાથ પર દેવર્ષિની આંખમાં આંસુનું એક ટીપું ચશ્માનાં કાચ વીંધીને સરી પડ્યું હતું. બસ ઊપડી હતી. છોકરી બસની બારીમાંથી દેવર્ષિની સામે આંખ માંડીને જોઈ રહી હતી. દેવર્ષિની છાતી વીંધીને ગરમલહાય નિઃશ્વાસ બહાર આવી ગયાં હતાં. એ ઘેર આવ્યા હતાં. ઘરમાં આમથી તેમ આંટો માર્યો હતો. બધું જ જાણે સાવ સૂમસામ થઈ ગયું. ગઈકાલ સુધી તો કેવો કલરવ હતો અને આજે ? ઘરનો ખૂણે ખૂણો ગમગીન અને ગંભીર હતો. અંદરના ઓરડામાંથી જાનકી સાડલાના છેડાથી હાથ લૂછતાં-લૂછતાં બહાર આવ્યાં. પૂછ્યું હતું : 'કિનારાને બસમાં બેસાડીને આવ્યા ને ?' દેવર્ષિએ ચશ્માનાં ભીના કાચ લૂછ્યાં હતા. ફરી પાછો એક નિઃશ્વાસ છેક ગળા સુધી આવીને પાછો વળી ગયો હતો. એ ખામોશ હતા. એમના કાનમાં એ છોકરીનો અવાજ પડઘાઈ રહ્યો હતો : 'દાદાજી, બા પર ગુસ્સો કરતા નહીં. તમને મારા સમ છે.'

**129.** દીકરીએ કોને સૂચનાઓ આપી ?

(1) ડૉક્ટર

(2) નર્સ

(3) બા

(4) દાદા

**130.** રોજ સવારે ફરવા જવાનું કોણે કહેલું ?

(1) ડૉક્ટરે

(2) નર્સે

(3) બાએ

(4) દીકરીએ

**131.** કઈ શિખામણ વખતે છોકરીનો અવાજ ભીનો થઈ ગયો ?

(1) ગરમ પાણીથી ન્હાવાની

(2) બા પર ગુસ્સો ન કરવાની

(3) ચાલવા જવાની

(4) ઠંડા પાણીથી ન ન્હાવાની

**132.** 'એણે બસમાં ચડતાં ચડતાં પાછા વળી કહ્યું' વિધાનમાં નિપાત કયો ?

(1) બસમાં

(2) ચડતાં

(3) પાછા

(4) એણે

**133.** દાદાનું નામ શું છે ?

(1) દેવર્ષિ

(2) કિનુ

(3) કિનારા

(4) જાનકીદાસ

**134.** 'સૂમસામ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

(1) હરિયાળુ

(2) રમણીય

(3) ડુંગરાળ

(4) ઉજ્જડ

**135.** 'ડૂમો બાજી જવો' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(1) નજીક આવવું

(2) બોલી ન શકવું

(3) સાંભળી ન શકવું

(4) દૂર જવું

*નિર્દેશ : નીચેના પ્રશ્નોના જવાબ ઉપલબ્ધ વિકલ્પોમાંથી પસંદ કરીને લખો. (136 – 150)*

**136.** જેમાં શબ્દોના અર્થ એના ચોક્કસ પૂર્વાપર સંદર્ભ સાથે સમજાવવામાં આવતા હોય એવી વાચન શિક્ષણ પ્રક્રિયાને શું કહેવાય ?

(1) ઉર્ધ્વમૂલ અભિગમ

(2) સમગ્ર ભાષા અભિગમ

(3) સંરચનાત્મક અભિગમ

(4) પ્રત્યાયનકેન્દ્રી અભિગમ

**137.** ભાષાવિષયક વિચાર અને ચર્ચા કરવાની શ્રયતાને શું કહેવાય ?

(1) સક્ષમ વક્તા

(2) ત્વરિત સાક્ષરતા

(3) ભાષાતાત્વિક ક્ષમતા

(4) ધ્વનિશાસ્ત્રીય જાગૃતિ

**138.** એક માતા બીજી ધોરણની શિક્ષિકાને જણાવે છે કે તેનું બાળક કેટલાક એવા શબ્દો બોલે છે જે એના મોટા ભાઈબહેન કે પુખ્ત વયના લોકો બોલતા નથી. આવું કેમ બને છે ? તમારા મત મુખ્ય નીચેનામાંથી કઈ બાબત આ માટે જવાબદાર છે ?

(1) માનવમગજની રચના ભાષાસંપ્રાપ્તિ માટે સાનુકૂળ છે.

(2) બાળકના ભાષાવિકાસને ગતિશીલ બનાવવામાં આવે ત્યારે બાળક ભાષા શીખી શકે છે.

(3) સંરચનાત્મક અભિગમશાસ્ત્ર મુજબ બાળકો નવી ભાષા ત્વરિત ગ્રહણ કરી શકે છે.

(4) બાળકો પોતાના વડીલોની નકલ કરીને ભાષા શીખે છે.

**139.** એક પુખ્ત વ્યક્તિ અને એક બાળક સાથે મળીને એક પુસ્તક વાંચી રહ્યા છે. પુખ્ત વ્યક્તિ બાળકને પ્રશ્ન પૂછીને સંવાદ માટે પ્રોત્સાહિત કરે છે. પછી ભૂમિકાઓ બદલીને બાળક પુખ્ત વ્યક્તિને પ્રશ્નો પૂછે છે. બાલસાક્ષરતાને પ્રોત્સાહન આપતી આ પ્રયુક્તિને શું કહેવાય ?

(1) સહભાગી વાચન

(2) સંવાદાત્મક વાચન

(3) વાર્તાકથન

(4) આદર્શ વાચન

**140.** શિક્ષક ભાષાછાત્રોના શ્રવણકૌશલ્યને કેવી રીતે વિકસાવી શકે ?

(1) અન્ય ભાષાકૌશલ્યોને બાજુએ રાખીને ફક્ત શ્રવણકૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને

(2) વૈવિધ્યસભર સ્રોતો દ્વારા અને વિવિધ લોકો પાસેથી ભાષા સાંભળવાની તક ઉપલબ્ધ કરાવીને તેમ જ બાળકોને શ્રવણપ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખીને

(3) બાળકોને શાંતચિત્તે તમામ બાબતો સાંભળવા માટે ઉદ્યુક્ત કરીને

(4) વર્ગખંડમાં અને બહાર વિદ્યાર્થીઓ સાથે સાતત્યપૂર્ણ સંવાદ દ્વારા

**141.** પ્રતિજ્ઞા (A) : પ્રાથમિક કક્ષાએ ભાષાચોકસાઈ અત્યંત મહત્વપૂર્ણ છે.

પ્રમેય (R) : વ્યાકરણ એ પ્રાથમિક પાઠ્યક્રમનો સુગ્રથિત હિસ્સો છે.

નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(1) (A) અને (R) બંને સાચા છે પણ (R) તે (A) નું યોગ્ય સ્પષ્ટીકરણ ***નથી***.

(2) (A) સાચું, (R) ખોટું છે.

(3) (A) ખોટું, (R) સાચું છે.

(4) (A) અને (R) બંને સાચા છે પણ (R) તે (A) નું સાચું સ્પષ્ટીકરણ છે.

**142.** ભાષાની પ્રકૃતિ અંગેની માન્યતાઓ અને વિભાવનાઓ, ભાષાશિક્ષણનો પ્રકાર અને આ બંનેનું શિક્ષણશાસ્ત્રીય માળખામાં ઉપયોજન એટલે...

(1) સામગ્રી

(2) અભિગમ

(3) પ્રયુક્તિ

(4) અભ્યાસક્રમ

**143.** ફોર્મેટિવ મૂલ્યાંકન એટલે...

(1) સુધારા અને વિકાસની નિરંતર પ્રક્રિયા સાથે સંબંધિત

(2) અભ્યાસક્રમના ચોક્કસ અથવા પૂર્વનિર્ધારિત તબક્કાની સમાપ્તિ

(3) અપરિવર્તનીય

(4) ભણવા ભણાવવાની પ્રક્રિયા વેળા બનતી ઘટનાસ્થિતિ

**144.** બાલછાત્રો માટે લેસન તૈયાર કરતી વખતે શિક્ષિકા સમગ્ર ભૌતિક પ્રતિભાવ (ટૉટલ ફિઝિકલ રિસ્પૉન્સ – TPR) પદ્ધતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ TPRને લેસનમાં સમાવવા માટે શિક્ષિકાએ નીચેનામાંથી કઈ બાબતનો પ્રયોગ કરવો જોઈએ ?

(1) છાત્રોને એમના સ્થાન પર જ બેસીને જૂથ/સમૂહકાર્યમાં જોડી શકાય એવી પ્રવૃત્તિનો સમાવેશ કરવો.

(2) વર્ગમાં કોઈ શ્રવણપ્રવૃત્તિનો સમાવેશ કરવો.

(3) પ્રવૃત્તિઓને બાજુ પર રાખીને છાત્રોને પ્રશ્ન પૂછવા જોઈએ તથા એમને ઉત્તર આપવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ

(4) વર્ગખંડમાં કોઈ શરીરકેન્દ્રી પ્રવૃત્તિનો સમાવેશ કરવો જોઈએ.

**145.** ભાષાશિક્ષણ એટલે વ્યાકરણ નિયમોનું શિક્ષણ એ માન્યતાને નીચેનામાંથી કયો અભિગમ સમર્થન આપે છે ?

(1) આગમનાત્મક (ઈન્ડકટિવ)

(2) પ્રત્યાયનકેન્દ્રી (કમ્યૂનિકેટિવ)

(3) વ્યાકરણ અર્થઘટન અનુવાદ (ગ્રામર ટ્રાન્સલેશન)

(4) નિગમનાત્મક (ડિડકટિવ)

**146.** એક શિક્ષિકા પાંચમા ધોરણના વિદ્યાર્થીઓને મુકત લેખનકાર્ય આપવા માંગે છે. એણે નીચેનામાંથી કઈ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ ?

(1) સામગ્રીની પ્રવાહિતા

(2) પ્રવાહિતા અને ચોકસાઈ બંને

(3) વિદ્યાર્થીના હસ્તાક્ષર

(4) સામગ્રીની ચોકસાઈ

**147.** ઉર્ધ્વનિમ્ન (ટોપ ડાઉન) એટલે 'સમગ્ર અર્થની પ્રાપ્તિ', તો ઉર્ધ્વમૂલ (બોટમ્સ અપ) એટલે...

(1) પૂર્વવાચન પર ધ્યાન કેન્દ્રિત કરવું

(2) પાઠમાંના શબ્દો અને વાક્યજૂથો પર ધ્યાન કેન્દ્રિત કરવું

(3) ટૂંકા ઉત્તરોવાળા પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરવું

(4) પાઠના સંક્ષેપ ઉપર અને અમૂર્ત વિચારો પર કેન્દ્રિત

**148.** નીચેનામાંથી કઈ બાબત ભાષાશિક્ષકની પ્રાથમિક જવાબદારી છે ?

(1) ભણાવવા માટેની યોગ્ય સામગ્રીનું ચયન

(2) વિવિધ વર્ગખંડોમાં બાળકોને જૂથોમાં વિભાજિત કરવા

(3) બાળકોને સૂચનાઓ આપવી

(4) બાળકની પ્રત્યાયન વિષયક જરૂરિયાતો શોધી કાઢવાની

**149.** એક નાનું બાળક પુસ્તક ઉંચકે છે, એને સીધું રાખે છે અને પાનાં પલટાવે છે. આ પ્રક્રિયાનો શેમાં સમાવેશ કરી શકાય ?

(1) ત્વરિત પાઠ્યક્રમ

(2) ત્વરિત સાધનસામગ્રી

(3) ત્વરિત ઉકેલ કૌશલ્ય

(4) ત્વરિત સાક્ષરતા કૌશલ્ય

**150.** પ્રતિજ્ઞા (A) : બાળકો ભાષા એટલા માટે શીખી શકે છે કે તેઓ જૈવિક રીતેજ એના માટે યોગ્યતા ધરાવે છે અને વાતાવરણની એમાં કોઈ જ ભૂમિકા નથી.

પ્રમેય (R) : ભાષાસંપ્રાપ્તિમાં વિદ્યાર્થીકેન્દ્રી વર્ગખંડ વાતાવરણનો અમીટ પ્રભાવ પડતો હોય છે.

નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(1) (A) અને (R) બંને સાચા છે પરંતુ (R) તે (A) નું યોગ્ય સ્પષ્ટીકરણ ***નથી.***

(2) (A) સાચું છે, (R) ખોટું છે.

(3) (A) ખોટું છે, (R) સાચું છે.

(4) (A) અને (R) બંને સાચા છે અને (R) એ અહીં (A) નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

# SPACE FOR ROUGH WORK

# SPACE FOR ROUGH WORK

***આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :***

1. જે રીતે જુદા જુદા પ્રશ્નોના જવાબો આપવાના છે તે પરીક્ષા પુસ્તિકામાં સમજાવાયેલ છે જે તમારે ખરેખર પ્રશ્નોના ઉત્તર આપતા પહેલા કાળજીપૂર્વક વાંચવું જોઈએ.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો માંથી સહી ઉત્તર માટે ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર **પૃષ્ઠ-2** માં એકજ વૃત ને **બ્લૂ /કાળાં બૉલ પાઇંટ પેન** થી જ ભરવું. એક વાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તર પત્ર ને વાળવા માં ન આવે અને તે ઉપર બીજો કોઇ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તર પત્ર માં નિર્ધારિલ જગ્યા સિવાય બીજે કયાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તર પત્ર નો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઇપણ પરિસ્થિતિ માં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તર પત્ર ના કોડ (code) અથવા સંખ્યા માં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તર પત્ર માં આપેલ પરીક્ષા પુસ્તિકા કોડ અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજિરી-પત્ર માં લખવું.
6. મશીન ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર સંકેત માહિતી વાંચશે. સાથી કોઈ માહિતી અધૂરી રહેવી ન જોઈએ અને તે પ્રવેશ પત્ર આપવામાં આવેલી માહિતીથી અલગ હોવી જોઈએ નહીં.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હાલ/કક્ષ માં પ્રવેશ પત્ર સિવાય ની કોઈ પણ જાત ની પાઠ્ય સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત, કાગળ ની પર્ચિયો, પેજર, મોબાઇલ ફોન, ઇલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઇ પણ જાત ની સામગ્રી ને લઇ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઇ છે.
8. મોબાઇલ ફોન, વાયરલેસ કમ્યુનિકેશન ડિવાઇસ (સ્વીચ ઑફ મોડમાં પણ) અને અન્ય પ્રતિબંધિત વસ્તુઓ પરીક્ષા હૉલ/કક્ષ માં લાવવી જોઈએ નહીં. આ સૂચનાનું પાલન કરવામાં નિષ્ફળ થવું એ પરીક્ષામાં ગેરવાજબી માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવશે અને પરીક્ષાર્થી સામે પરીક્ષા રદ્દ કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષક ના માગ્યા મુજબ પ્રવેશ પત્ર રજૂ કરવું.
10. કેન્દ્ર અધીક્ષક અથવા નિરીક્ષક ની વિશિષ્ટ અનુમતિ વગર કોઇ પણ પરીક્ષાર્થીએ પોતાનુ સ્થાન ન છોડવું.
11. કાર્યરત નિરીક્ષક ને ઉત્તર પત્ર આપ્યા વગર અને હાજરી-પત્ર માં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ/કક્ષ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર હાજરી-પત્ર માં સહી નહિ કરી હોય તા માનવા માં આવશે કે તેને ઉત્તર પત્ર પાછું આપ્યું નથી અને આને અનુચિત સાધન નો મામલો માનવામાં આવશે. **પરીક્ષાર્થી આપણા ડાબા હાથના અંગૂઠાના નિશાન હાજરી-પત્ર માં આપેલા સ્થાન પર અવશ્ય લગાઓ.**
12. ઇલેક્ટ્રોનિક/હસ્તચાલિત પરિકલક નો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલ/કક્ષ માં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી પરીક્ષા સંસ્થા ના બધાજ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનો ના બધાજ મામલાના નિર્ણય પરીક્ષા સંસ્થા ના નિયમો અને વિનિયમો અનુસાર જ થશે.
14. ઉત્તર પત્ર અને પરીક્ષા પુસ્તિકા નો કોઈ પણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી કક્ષ/હૉલ છોડવા પહેલા ઉત્તર પત્ર નિરીક્ષક ને આપી દે.** ***પરીક્ષાર્થી પોતાનો સાથે આ પરીક્ષા પુસ્તિકાને લઇ જઈ શકે છે.***

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :**

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Blue/Black Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the Examination Hall/Room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/rooms. Failing to comply with this instruction, will be considered as using unfair means in the examination and action will be taken against the candidate including cancellation of examination.
9. Each candidate must show on demand his / her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his / her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left-hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic/Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Examining Body with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Examining Body.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Room/Hall.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***

**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें ।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **नीले/काले बॉल पॉइन्ट पेन** से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के कोड या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
5. परीक्षा पुस्तिका/उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका कोड व संख्या को परीक्षार्थी सही तरीके से उपस्थिति-पत्र में लिखें ।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी । इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए ।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश पत्र के सिवाय किसी प्रकार की पाठ्य सामग्री, मुद्रित या हस्तलिखित, काग़ज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्विच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए । इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और परीक्षार्थी के विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित ।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं उपस्थिति-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार उपस्थिति-पत्र पर हस्ताक्षर नहीं किए तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा । **परीक्षार्थी अपने बाएँ हाथ के अँगूठे का निशान उपस्थिति-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ ।**
12. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
13. परीक्षा-हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी परीक्षण संस्था के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला परीक्षण संस्था के नियमों एवं विनियमों के अनुसार होगा ।
14. किसी भी परिस्थिति में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी कक्ष/हॉल छोड़ने से पूर्व उत्तर पत्र निरीक्षक को अवश्य सौंप दें ।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।***